જિલ્લામાં પીઆઈની આંતરીક બદલીઓ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લાના ચાર પી.આઈ.ની આંતરીક બદલીઓ તથા એક પી.આઈ.ને નિમણુંકનો ઓર્ડર જિલ્લા પોલીસ વડા દ્વારા કરવામાં આવ્યો છે. કલોલ શહેરમાં ફરજ બજાવતા એન.સી. ભરવાડને ચિલોડા પોલીસ સ્ટેશન, ચિલોડા પી.આઈ. કે.એમ. પ્રિયદર્શીને કલોલ શહેર પોલીસ સ્ટેશનમાં સેકન્ડ પી.આઈ., એલઆઈબી પી.આઈ. આર.જી. ભાવસારને કલોલ તાલુકા સેકન્ડ પી.આઈ. તથા ઈન્ફોસીટી પી.આઈ. વાય.એસ. મિશ્રાને સે-૨૧ પોલીસ સ્ટેશનમાં સેકન્ડ પી.આઈ. તરીકે મુકવામાં આવ્યા છે. જયારે જિલ્લામાં નવા હાજર થયેલા પી.આઈ. પી.બી. ચૌહાણને ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં નિયુકત કરવામાં આવ્યા છે. તે ઉપરાંત કલોલ તાલુકા પી.આઈ. એન.એસ. મલેકને વાયબ્રન્ટ સમિટનો બંદોબસ્ત પૂર્ણ ન થાય ત્યાં સુધી કલોલ તાલુકા પોલીસ સ્ટેશનના ચાર્જ ઉપરાંત એટેચમાં એલ.આઈ.બી.નો ચાર્જ પણ આપવામાં આવ્યો છે.

ગાંધીનગરના માર્ગો પર દોડતાં વાહનોની બહાર લટકતો જોખમી સામાન ભયજનક

પોલીસની નજર સમક્ષથી પસાર થતા આવા વાહનો કાયદાનું સરેઆમ ઉલ્લંઘન કરી રહ્યા છે

ગાંધીનગર, તા.૧૩

ટ્રાફીકને લગતા નિયમો અને કાયદાના પાલન માટે ચલાવાતી ઝુંબેશમાં વાહનચાલકોને જાગૃતિ કેળવવા અનેકવાર વિવિધ માધ્યમો દ્વારા પ્રયાસો હાથ ધરાય છે. છતાં પણ કેટલાક વાહચાલકો કાયદાનું ઉલ્લંઘન કરી નિર્દોષોની જિંદગીને જોખમમાં મુકી રહ્યા છે જેના ઉદાહરણ હાલ માર્ગો ઉપર નજરે પડે છે જેમાં ગાંધીનગરના માર્ગો ઉપર દોડતાં કેટલાક વાહનોની બહાર જોખમી સામાન લટકતો દેખાય છે. જે ગમખ્વાર અકસ્માતને આમંત્રણ સમાન છે અને કાયદા વિરૂધ્ધની પ્રવૃત્તિ છે જેને સમયસર નશ્યત કરવી આવશ્યક બની છે અન્યથા આ ભયજનક માલવહન કોઈ નિર્દોષ માનવ જિંદગીને ભરખી જશે તેવું લાગે છે.

ગાંધીનગરના કેટલાક માર્ગો ઉપર માલવહન કરતાં વાહનોમાં જોખમી માલ સામાનનું વાહન કાયદા વિરૂધ્ધ થઈ રહ્યું છે. જેમાં સૌથી વધુ આર.સી.સી. કામમાં વપરાતા લોખંડના સળીયા આ રીતે વહન થઈ રહ્યા છે. કાયદામાં જોગવાઈ મુજબ કોઈ પણ વાહનમાં લઈ જવાતો આ સામાન વાહનની અંદર સમાય તે રીતે જ અને ચુસ્ત અને સુચન મુજબ વહન કરવા જણાવાયું છે. છતાં પણ અમુક વાહનોમાં આ લોખંડના સળીયા વાહનની બહાર લટકતા જ રાખવામાં આવે છે. વધુમાં આ લોખંડના સળીયાને વાહનમાં ખુલ્લા જ રાખી દેવાય છે. જેને મજબુત રીતે બાંધવામાં પણ આવતા નથી જેથી ભયજનક લાગે છે. તેમજ વાહન ઉપર કોઈ ભયજનક નિશાની જેવી કે લાલ લાઈટ, લાલ કપડું કે સુચના પણ મુકાતી નથી જે કારણે અજાણ્યા વાહનચાલકો અકસ્માતનો ભોગ બને છે જેમાં રાત્રીએ આવા વાહન અત્યંત જોખમી બની રહ્યા છે.

ગાંધીનગરના માર્ગો ઉપર લોડીંગ રીક્ષા, ટ્રેકટર, ઉંટલારી, અને ટ્રક જેવા વાહનો આ લોખંડના સળીયા લટકતા લઈ જતા નજરે પડે છે અને આ લટકતા સળીયા ઘણી વાર માર્ગ ઉપર ઢસડાતાં ખુબ જ અવાજ કરતાં લઈ જતાં પણ કેટલાક લોકોએ જોયા છે.

ભૂતકાળમાં આ રીતે સળીયા લઈ જતાં વાહનો થકી અનેક લોકોએ જિંદગી ગુમાવી દીધી છે ત્યારે માર્ગો ઉપર ઉભેલી પોલીસની નજર સમક્ષથી પસાર થતા આવા વાહનોને કાયદાના ઉલ્લંઘન માટે કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ ઉઠી છે. જો કે કેટલાક જાગ્રત વાહનચાલકો આવા વાહનોથી દૂર રહેવાનો પ્રયાસ કરે છે છતાં સંજોગો આધિન આવા જોખમી વાહનોને કારણે અકસ્માત સર્જાવાની શકયતા અનેક ગણી રહેલી છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ચ-૩ વિસ્તારમાં નિષ્કાળીથી કચરા ઢગલાઓ ઉરડામાં ફેરવાયા

ગાંધીનગર, તા.૧૩

હરાજીના પ્લોટોનો કોઈ રણી ધણી હોય તેમ જણાતું નથી. પરિણામે આ પ્લોટોમાં બીનઉપયોગી ઘાસ, કાંટા તથા છોડવાઓ અને કચરો જમા થતો હોય છે. પરિણામે ગંદકીના થર જામતા જાય છે. વન વિભાગવાળા વનવિભાગની જમીનમાં ટ્રેકટરથી સાફ કરી તેના કચરાના ઢગલા ખાલી પ્લોટવાળા વિસ્તારમાં કરે છે જે મનપાવાળા કે પાટનગર યોજના વાળા આ પ્લોટ પરની ગંદકી હટાવતા નથી.

વનવિભાગે તેની હસ્તકની જગ્યાએ ટ્રેકટરથી ઘાસ છોડવા કાઢવા પ્રયત્ન કરેલ છે પરંતુ ટ્રેકટરવાળા અને વનખાતાના સુપરવાઈઝરોની નિષ્ક્રિયતા દાખવેલ છે. ચ-૩ થી ઘ-૩ના વિસ્તારમાં વન ખાતાના કચરાના ઢગલા છેલ્લા કેટલાય દિવસથી થયેલ છે. જે ઉપાડયા નથી તો વનખાતું ક્યારે સફાઈ કરીને ઢગલા ઉઠાવશે તેની વસાહતીઓ રાહ જોઈ રહ્યા છે.

વિજ્ઞાન પ્રવાહનુ સેમેસ્ટર-૧-૩ નું પરીણામ જાહેર

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર-૧ અને ૩ નું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું છે. બોર્ડ દ્વારા લેવાયેલી સેમેસ્ટર-૧ ની પરીક્ષામાં ૧,૩૮,૦૮૧ વિદ્યાર્થીઓ નોંધાયેલા હતા. જે પૈકી ૧,૩૭,૯૭૬ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલા હતા. જ્યારે સેમિસ્ટર-૩ ની પરીક્ષામાં કુલ ૧,૨૭,૦૬૦ વિદ્યાર્થીઓ નોંધાયેલ હતા. જે પૈકી કુલ ૧,૨૬,૭૫૨ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિજ્ઞાનપ્રવાહના પ્રથમ સેમેસ્ટરમાં એ ગ્રૂપના ૭૧,૭૯૮ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. અને ૭૧,૭૩૯ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ હતા. બી. ગ્રૂપમાં ૬૬૨૨૭ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેપૈકી ૬૬૧૮૧ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ હતા. એબી ગ્રુપમાં ૫૬ વિદ્યાર્થીઓ નોંધાયેલ હતા. તેપૈકી ૫૬ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિજ્ઞાન પ્રવાહ તૃતીય સેમેસ્ટરમાં એ ગ્રૂપના ૭૨,૬૧૪ વિદ્યાર્થીઓ નોંધાયા હતા તે પૈકી ૭૨,૪૪૯ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ હતા. બી ગ્રુપમાં ૫૪૪૧૭ વિદ્યાર્થીઓ નોંધાયા હતા અને ૫૪૨૭૬ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ હતા. એબી ગ્રૂપના ૨૯ વિદ્યાર્થીમાંથી ૨૭ ઉપસ્થિત રહ્યા હતા.

આર.જી.-એસ.બી. પટેલ સ્કૂલનું ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહનું ઉજ્જવળ પરિણામ

શ્રીમતી આર.જી. પટેલ અને શ્રીમતી એસ.બી. પટેલ ગર્લ્સ સ્કૂલ, સે-૨ ૩નો ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહનું સેમેસ્ટર-૧ નું પરિણામ ૯૭.૭૭ટકા અને સેમેસ્ટર-૩નું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. સેમેસ્ટર-૩માં એ-૨ માં ૩ વિદ્યાર્થીનીઓએ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જ્યારે સેમેસ્ટર-૧માં ૭ વિદ્યાર્થીનીઓએ બી-૧માં સ્થાન પ્રાપ્ત કરી ઉજ્જવળ દેખાવ કર્યો છે.

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ ચાર રસ્તા પાસે બપોરના અરસામાં સેન્ટ્રો ગાડી નં. જીજે ૮ બીસી ૪૦૦૯ અને ઈન્ડીકા ગાડી નં. જીજે ૧૮ એ એકસ ૦૨૪૮ વચ્ચે જબરદસ્ત અકસ્માત સર્જાયો હતો. ઈન્ડીકાની ટકકરથી સેન્ટ્રો પલ્ટી મારીને રોડની સાઈડમાં પડી ગઈ હતી. સદભાગ્યે આ અકસ્માતમાં કોઈ જાનહાની થવા પામી નથી. ઈજાગ્રસ્ત બે કાર સવારોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતાં.

કરશનપુરાના ખેતરમાં સંતાડેલો દેશી દારૂનો મોટો જથ્થો પકડાયો

૧૧૯૦ લીટર દેશી દારૂ જપ્ત કરી પેથાપુર પોલીસે ઉવારસદના બુટલેગરની ધરપકડ કરી

ગાંધીનગર, તા. ૧૩

ઉવારસદ ગામના પરા તરીકે ઓળખાતા સણજીપરા વિસ્તારના બુટલેગરે દેશી દારૂનો મોટો જથ્થો કરશનપુરા ગામની સીમમાં એક ખેતરમાં સંતાડી દીધો હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસે દરોડો પાડી દેશી દારૂના ૩૪ મોટા કેરબા પકડી પાડયા હતા. રૂ. ૨૩,૬૦૦ ની કિંમતનો ૧૧૯૦ લીટર દેશી દારૂનો જથ્થો પેથાપુર પોલીસે જપ્ત કરી બુટલેગરની ધરપકડ કરી લીધી હતી.

પેથાપુર પોલીસ મથકના સિનિયર પીએસઆઈ એસ.જે. વાઘેલાને બાતમી મળી હતી કે કરશનપુરા ગામની સીમનાં એક ખેતરમાં દેશી દારૂનો મોટો જથ્થો સંતાડવામાં આવ્યો છે જેને આધારે દરોડો પાડીને પેથાપુર પોલીસની ટીમે ૩૫ લીટરનો એક કેરબો તેવા ૩૪ કેરબા મળીને ૧૧૯૦ લીટર દેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડી રૂ. ૨૩,૬૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ખેતરમાં દારૂનો જથ્થો સંતાડનાર ઉવારસદ ગામના પરા રણજીપરાના બુટલેગર મહેશ લાલજી ઠાકોરની પણ પેથાપુર પોલીસે ધરપકડ કરી લીધી છે અને બુટલેગરની ઊંડી પુછપરછ શરૂ કરવામાં આવી છે.

જાહેરનામા ભંગના વધુ ચાર ગુના દાખલ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર એલસીબી પીએસઆઈ આર.એન. વાઘેલા તથા તેમની ટીમે ગાંધીનગરમાં સ્વાગત રેઈન ફોરેસ્ટ ચટકો ફરસાણ હાઉસ, શ્રી હરસિદ્ધ મોબાઈલ શોપ, લવલી હેર આર્ટ અને સિગ્નેચર પાર્લર મળીને વધુ ચાર સ્થળોએ દરોડા પાડીને સીસીટીવી કેમેરા ન લગાડવા બદલ જિલ્લા કલેક્ટરના જાહેરનામા ભંગનો ગુના ચારેય માલીક સામે દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વહાણવટી વિદ્યાલયમાં બાળ દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૧૩

વહાણવટી વિદ્યાલયમાં તા. ૧૨-૧૩મી ડીસેમ્બર એમ બે દિવસનો બાળદિન નિમિત્તે કાર્યક્રમ રાખેલ હતો. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમ, વિજ્ઞાન મેળો, આનંદ મેળો, રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબર આપવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શ્રી મનીષભાઈ પ્રજાપતિ અને પારકર મેઘનાબેને કર્યું હતું.

ઝુંડાલ રોડ પરથી પશુના માંસ ભરેલી રીક્ષા ઝડપાઈ

અડાલજ પોલીસે ત્રણ શખ્સોની ધરપકડ કરીને જામીન પર છોડયા

ગાંધીનગર, તા. ૧૩

અડાલજ પોલીસે બાતમીને આધારે ઝુંડાલ રોડ પરથી પસાર થતી રીક્ષાને પકડીને કોઈ પશુના માંસનો જથ્થો પકડી પાડયો હતો. પશુના માંસની હેરાફેરી કરતાં ત્રણ અમદાવાદી શખ્સોની ધરપકડ કરી માંસ એફએસએલમાં મોકલી પોલીસે કાર્યવાહી કરી હતી અને ત્રણેયને જામીન પર મુક્ત કર્યા હતા.

અડાલજ પોલીસે ૯મી ડિસેમ્બરે સાંજના સુમારે ઝુંડાલ ગામની સીમમાં વોચ ગોઠવીને બાતમી વાળી રીક્ષા નં. જીજે-૨૭-ટી-૭૭૦૮ પકડી પાડી હતી. રીક્ષામાંથી પોલીસને કોઈ પશુના માંસનો જથ્થો મળી ઈવ્યો હતો. પોલીસે એફએસલએલ ખાતે માંસ મોકલી અમદાવાદના ઈસનપુર વિસ્તારના ત્રણ શખ્સો અકમ અસલમ કુરેશી, ઔરંગ અલ્દુલરજીદ કુરેશી અને રીઝવાન અમીર કુરેશીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ત્રણેયને જામીન પણ મુક્ત પણ કરી દેવામાં આવ્યા હતા.

સમસ્ત મોચી સમાજ વિકાસ પરિષદ દ્વારા જીવનસાથી પસંદગી મેળાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૩

સમસ્ત મોચી સમાજ વિકાસ પરિષદ દ્વારા જીવનસાથી પસંદગી મેળાનું આયોજન આગામી તા. ૪ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ ડાકોરના પુનીત આશ્રમ ખાતે સવારે ૯.૩૦ વાગે કરવામાં આવ્યું છે.

ખેડા, આણંદ, પંચમહાલ, મહિસાગર અને દાહોદ જિલ્લાઓના મોચી સમાજના સભ્યો પરિવારોના સહયોગથી સમસ્ત મોચી સમાજ વિકાસ પરિષદની રચના કરવામાં આવી છે. આ સંસ્થા દ્વારા આગામી ૪ જાન્યુઆરીના રોજ યોજાનાર જીવનસાથી પસંદગી સંમેલનને સફળ બનાવવા માટે www.mochi samajvikas.com નામની સંસ્થા બનાવવામાં આવી છે. આ સંમેલનમાં ભાગ લેવા માટે ઉમેદવારી પત્ર ઓનલાઈન ભરી શકાશે. યુવતીઓ માટે રૂ. ૨૫૧ અને યુવકો માટે રૂ. ૩૫૧ ની રજીસ્ટ્રેશન ફી નક્કી કરવામાં આવી છે. વેબસાઈટ પર પસંદગી મેળાનો કાર્યક્રમ તથા માહિતી પુસ્તિકાની વિગતો મુકવામાં આવી છે.

શ્રીમતી આર.એન. પટેલ સ્કૂલ ખાતે દાસકાકા સ્મૃતિ શિયાળુ રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

કડી કેમ્પસ સ્થિત શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલ ખાતે પૂ. દાસકાકા સ્મૃતિ શિયાળુ રમતોત્સવનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

આ રમતોત્સવમાં મહેમાન તરીકે નાથીબા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પ્રોફેસર હરિશભાઈ એમ. પટેલના હસ્તે દીપ પ્રાગટ્ય કરી રમતોત્સવને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. તેઓએ બાળકોને રમતોનું જીવનમાં મહત્વ વિશે માર્ગદર્શન પુરૂ પાડયું હતું. આજના દિવસે શાળાના આચાર્યશ્રીએ પણ બાળકોને ઈન્ડોર ગેમ ન રમતા આઉટડોર ગેમ રમવા માટે પ્રોત્સાહન પુરૂ પાડયું હતું. રમતોત્સવમાં જુદી જુદી રમતો જેવી કે ૫૦મી. દોડ, યોગસ્પર્ધા, લીંબુચમચી, સંગીતખુરશી, દડા ઉછાળ દોડ, લાંબી કૂદ, દડાફેંક, સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ, ઘડા દોડ, ફુગ્ગા ફોડ, સ્લો સાયકલ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. રમતોત્સવમાં ધો. ૧ થી ૮ ના કુલ ૧૨૦ વિદ્યાર્થીઓ વિજેતા થયા હતા. ૪૦ વિદ્યાર્થીઓ પ્રથમ સ્થાને, ૪૦ વિદ્યાર્થીઓ દ્વિતીય સ્થાને તથા ૪૦ વિદ્યાર્થીઓ તૃતિય સ્થાને વિજેતા થયા હતા. શાળાના આચાર્યશ્રી દશરથભાઈ કે. પટેલ ૧ થી ૩ નંબરના વિજેતા બનેલા વિદ્યાર્થીઓને ઈનામ તથા પ્રમાણપત્ર આપી તેમની આવડતને બીરદાવી તથા શાળા પરિવાર વતી અભિનંદન પાઠવ્યા હતા.

વ્યાયામવીર તરીકે પરમાર પંખિલ અમરતભાઈ (ધોરણ-૮-સી અને વીરબાળા તરીકે બાની મમતા હરદાસભાઈ (ધોરણ-૮-બી) વિજેતા રહ્યા હતા.

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના માધ્યમથી એક લવ્ય કલા કેન્દ્ર દ્વારા અમદાવાદ સ્થિત લલીત કલા ભવન રવિશંકર રાવળ હોલમાં વૃડન એ સ્ટોન પેન્ટીંગ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનના ઉદ્ઘાટન પ્રસંગે આઈ કે. જાડેજા, દર્શનાબેન વાઘેલા, દિપક રાઠોડ, દર્શનાબેન વાઘેલા, દિપક રાઠોડ, લક્ષ્મણભાઈ રાવ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા જે તસવીરમાં દેશ્યમાન થાય છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૪

સૂર્યાસ્ત : ૫.૫૪

તાપમાન

મહત્તમ : ૨૮.૮ ડિ.સે.

લઘુત્તમ : ૧૨.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૨ ટકા ● સાંજે ૪૫ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

એકશન જેકસન : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

બદલપુર બોય : ૧૧.૪૫, ૫.૦૦, ૧૦.૦૦

મેં ઓર મિ. રાઈટ : ૨.૩૦, ૭.૩૦

: સ્ક્રીન-૩ :

મેં ઓર મિ. રાઈટ : ૧૧.૦૦, ૪.૦૦, ૯.૦૦

બદલપુર બોય : ૧.૩૦, ૬.૩૦

સીટી પલ્સ

: સ્ક્રીન-૨ :

એકશન જેકસન : ૪.૦૦, ૧૦.૦૦

બદલપુર બોય : ૬.૪૫

: સ્ક્રીન-૩ :

એકસોડસ ગોડ એન્ડ કિંગ્સ (ઈંગ્લીશ) ડી : ૬.૪૫

લિંગા (તમીલ) : ૯.૦૦

: સ્ક્રીન-૪ :

એકશન જેકસન : ૧૦.૦૦

બદલપુર બોય : ૩.૪૫, ૧૦.૦૦

મેં ઓર મિ. રાઈટ : ૧૨.૪૫

લિંગા (તમીલ) : ૭.૦૦

: સ્ક્રીન-૫ :

બદલપુર બોય : ૧૦.૦૦

એકશન જેકસન : ૧.૦૦, ૭.૦૦

: સ્ક્રીન-૬ :

એકશન જેકસન : ૭.૦૦

બદલપુર બોય : ૩.૪૫

મેં ઓર મિ. રાઈટ : ૧૨.૪૫

આપની આજ

મેષ : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

વૃષભ : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

મિથુન : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

કર્ક : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

સિંહ : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક ચિંતનનો વિશેષ યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ચિંતનનો યોગ. વિશેષ કાર્યોમાં યાત્રા પ્રવાસનું આયોજન થશે.

કન્યા : ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

તુલા : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

વૃશ્ચિક : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

ધન : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

કુંભ : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

મીન : મિત્ર વર્ગ, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે.

ચિરવિદાય

- સ્વ. કોદરીબેન મોહનભાઈ પ્રજાપતિ (ઉ.વ.૭૫) ૨૬, નારાયણનગર સોસાયટી, વાવોલ, તા.જી.ગાંધીનગર
- સ્વ. કુમારી કુશીકાબેન દેસાઈ (ઉ.વ.૮૫) બી-૬, કીર્તિધામ સોસાયટી, વાવોલ, તા.જી. ગાંધીનગર